?? નીતિ સમાન ધર્મ નથી ??

!!! સુંદર !!!

મોહન માળા.

દોહરો

જનની જણતો હરિજન, કાં દાતા કાં શૂર;
નહિતો રહેજે વાંઝણી, રખે ગુમાવે નુર

બનાવનાર.

મગનલાલ શંકર પટેલ.

સ્કૂલમાસ્તર—કુથળ—માંગરોળ

(આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦)

અમદાવાદ.

પથ્થર કુવા મધ્યે યુનાઇટેડ પ્રિન્ટીંગ એન્ડ જનરલ
એજન્સી કંપની "લીમીટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

કીંમત ૦—૪—૦

?? ભક્તિ વિના મુક્તિ નથી ??

?? સંતોષ વિના સુખ નથી ??

!! નીતિ સમાન ધર્મ નથી !!

??? સુંદર ???

મોહન માળા.

દોહરો

જનની જણુતો હરિભગત, કાં દાતા કાં શૂર;
નહિતો રહેજે વાંઝણી, રખે ગુમાવે નુર.

બનાવનાર.

મગનલાલ શંકર પટેલ.

સ્કૂલમાસ્તર—જુથળ—માંગરોળ

(આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦)

અમદાવાદ.

પથ્થર કુવા મધ્યે યુનાઇટેડ પ્રિન્ટીંગ એન્ડ જનરલ
એજન્સી કંપની "લીમીટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

કીંમત ૦-૪-૦

!! ભક્તિ વિના મુક્તિ નથી !!

!! સંતોષ વિના સુખ નથી !!

સત્યનો ॥ ૐ ॥ જયજ છે.



ઉત્સર્ગ.

જેનો શુદ્ધ પ્રેમ અહોનિશ સનાતન ધર્મમાંજ બની રહ્યો છે, જેની અંતર વૃત્તિ "રામનામ" જપી રહી છે, જેનું મન સદા તત્વ વસ્તુ શોધી રહ્યું છે જેણે વિજ્ઞાનથી બ્રહ્મ સત્ય અને જગત અસત્ય માયામાં રૂપા રહી માન્યું છે. જેણે હું અને મારૂં એ કોઈ વસ્તુ નથી. એનો સંપૂર્ણ અનુભવ કર્યો છે. જેને ઊંચુ જ્ઞાન છતાં અજ્ઞાની બની નિરાભિમાનપણુંજ બતાવ્યું છે, આ અસાર સંસારમાં જેને શિરે અનેક સંકટો આવ્યા છતાં જેણે અંતરમાંથી "સીતારામ" ને સહેજ પણ વિસાર્યા નથી. એવા મારા એક ગુપ્ત હૃદય મિત્રને "આ મોહન માળા" ઉત્સર્ગ કરી પરમાનંદ પામું છું. શાન્તિ ! શાન્તિ ! !

જુથળ સ્કૂલ
તા. ૧-૬-૧૯૦૨

લી. હું એક આપનોજ
મગનલાલ શંકર પટેલ.
માંગરોળ-નિવાસી.

સર્વે વાંચકવૃંદ પ્રત્યે મારા બે બોલ.

સમગ્ર જગત કાળના મુખમાંજ છે; તો પછી કયા પુરૂષને શિરે કાળની બીક નથી એ કહેવાતુંજ નથી. હે બાઈ આ દુનિયામાં આપણું કાંઈ નથી, ફક્ત માયાનાજ ખોટા ભ્રમથી મારૂં તારૂં કરીએ છીએ. જન્મ, મૃત્યુ, આધી, વ્યાધી, ઈત્યાદીક અનેક દોષોથી આફાની દુનિયા ભરેલી છે. તેમાં આપણને મળેલો કાચા ઘડાના જેવો દેહ તે ક્ષણભંગુર અને અનેક રોગોથી ભરેલો છે. તો પછી તેનો શુ ભારોશો? રાવણ જેવા રાજા કે જેના દશ તો મસ્તક હતાં તેનો પણ કાળે એક ક્ષણમાં કલેવો કર્યો. તો આપણે શી ગણતરીમાં? એટલું તો યાદ રાખજો કે આવ્યું તે નકી જવાનું છે; ઉગ્યું તે નકી આથમશે, ખીલ્યું તે નકી ખરશેજ; તો પછી અહંકાર તજીને સીતાવરને શરણે થાઓ કે જેથી તમોને કાળ બીક નડે નહિ.

આ સંસાર અસત્ય ને બ્રહ્મ સત્ય છે, પણ માયાના આવરણથી ઉલટું દેખાય છે. અમર કોઇ થયા નથી અને થશે પણ નહિ. કોઇ આજ તો કોઇ બે દીવસ પછી અવશ્ય જવાના છે, ઘર બાર, પુત્ર, પૈસો સૌ આંહી પડ્યા રહેશે ને ઠાલે હાથે ભગવાન પીતાની પાસે આપણે જવાનું છે. માટે કોઇ પણ માણસે સંસાર ઉપર બહુ આસક્તિ નહિ રાખતાં રામનામ ઉપર આશક્તિ રાખવી કે આખર વખતે આપણને બહુજ કામ આવે.

પ્રભુના ચરણમાં પ્રીતી જોડીને ધર્મનાં સારાં કામ કરવાં એંજ મનુષ્ય દેહનું ફરૂં સાર્થક છે. ઘણા મોટા રાજા, અને આપણાં સગાં વહાલાંઓને આપણી દૃષ્ટિએ ઠાલે હાથે જતાં જોઇએ છીએ.

આપણું સાચું સગુ સીતાવર વિના બીજુ કોઈ નથી. એ માટે સ-મજી હમેશાં રામ નામની બે ઘડી પણ અંતરમાં ધ્વનિ કરવી. કે જેથી અંતર શાન્તિ થશે.

સંવત ૧૯૫૮ ના ફાલ્ગુન માસમાં વેરાવળમાં પ્લેગ આવવાથી મહારાપરમ સ્નેહી હરજીવન લખમણ આંહી આવ્યા. તેમને સત્સંગના પ્રતાપથી રામનામ ઉપર બહુજ પ્રીતી થએલી મેં જોઈ. તેણે મારી કામનાથ મહાદેવની બનાવેલી લાવણીઓ સાંભળી તે ઉપરથી રામ-ચંદ્રજી ભગવાન વિષે સ્તુતિ કરવા ભલામણ કરી. જો કે હું કવિ નથી તેમ કવિતા કરવાની મને બીલકુલ પદ્ધતિ પણ નથી. પરન્તુ તેમના આગ્રહથી અને રામચંદ્રજીના પ્રતાપથીજ આજે કાલા ઘેલા બોલો લખ્યા છે, તેમનું માન હું મારા મિત્રને આપી પરમપીતાનો આભાર માનું છું કેમકે—રામચંદ્રજી ભગવાનની સ્તુતિ વાલ્મિક જેવા મહર્ષિ અને તુલશીદાસ જેવા મહાન ગોસ્વામીએ ઉત્તમ ભાષામાં કરેલી છે તો પછી હું એક અધમ પામર તેની પ્રાર્થના કરવા ક્યાંથી શક્તિવાન થાઉં; પણ બાળકના બોલો જેમ વિકાર વિનાના છે તેમ મારા બોલો જ્ઞાન વિનાના છે. તેને સજ્જન લોકો હંસની પેઠે સાર ગ્રાહી થઈ સ્વીકારી લેશે એવી ઉમેદ રાખું છું. એજ તા. ૧-૬-૧૯૦૨

જુથલ સ્કૂલ.
૧૯૫૮ વૈશાખ વદી ૧૧

મગનલાલ શંકર પટેલ.
સ્કૂલમાસ્તર જુથલ.

सुंदर
मोहन माळा.

રાગ—ધનાશ્રી.

સેવો સીતાપતિ રામ, સજ્જનો સેવો સીતાપતિ રામ. ટેક.
સુતાં, બેઠાં, હરતાં, ફરતાં, લીઓ મુખે રામનામ. સજ્જનો૦
સ્વપ્નતુલ્ય સુખછે આંહીનું, જીવનું ન થાયે કાંઇ કામ. સજ્જનો૦
મોત મૂકે નહિ મહેશ મોટા, હોય હજારો ભલે ગામ. સજ્જનો૦
ગર્વ તજીને રામ ભજીલે, જીવને ખરૂં સુખ ધામ. સજ્જનો૦
ગમાર મનમાં ગર્વ ધરીને, ભલે મેળવે દામ. સજ્જનો૦
ચાર ઘડીનું સુખછે આંહીનું, આખર ન આવે કાંઇ કામ. સજ્જનો૦
ભક્તિ કરીને ભવ સુધારો, ધરો ધરમની હામ. સજ્જનો૦
મગનલાલ છે બાળ તમારો, આપો સેવકને ધામ. સજ્જનો૦

રાગ—ઉપરનો.

સહાય કરો રઘુરાય અમોને સહાય કરો રઘુરાય.—ટેક.
શિશ નમાવી અર્જ સૌ કરીએ, કરો અપરાધ ક્ષમાય. અમોને૦
તુજ ભક્તિમાં ધ્યાન ધરૂંછું, મુજપર થાઓ સહાય અમોને૦
આશરો એકછે રામ તમારો, દેવ સકળ ગુણ ગાય. અમોને૦
બંધુ લક્ષ્મણ સમીપ ઉભા છે, સાથે છે સીતા માય. અમોને૦
ત્રિભુવન તારણ ભવ સુધારણ, સમર્યા થકી સુખ થાય. અમોને૦

ખોટી માયાને ખોટી છે કાયા, આખર સૌ નાશી જાય. અમોને૦
કામ મૂકીને રામ ભજીલ્યો, સમરે સુખ સૌ થાય. અમોને૦
કરજોડી મગનલાલ કહે છે, નમી નમી લાગું પાય. અમોને૦

રાગ—ઉપરનો.

આનંદ દીલ ઉભરાય. પ્યારા બંધુ આનંદ દીલ ઉભરાય.—ટેક.
દોષ અમારા દીલમાં રાખી, સહાય કરો રઘુરાય. પ્યારા૦
ભવજળમાં હું ડુબી ગયો છું, તરવાનો નથીરે ઉપાય. પ્યારા૦
દર્શન માટે હું આવ્યો છું, ઉરમાં હરખ નહિ માય, પ્યારા૦
આતન છે નકી વણસીજનારૂં, જ્ઞાની ઘણા ગુણ ગાય. પ્યારા૦
આફત આવે તન ઉપર જ્યાં, ત્યારે તું પ્રેમે ભજાય. પ્યારા૦
માફ કરો મને હું છું પામર, શક્તિ વિના ગુણ ગાય. પ્યારા૦
મગનલાલ છે બાળ તમારો, લાગુ પ્રેમે સદા પાય. પ્યારા૦

રાગ બધ કીધલો બાપુજી શું કામ.

અરેભાઈ પ્રેમે ભજીલે ભગવાન. (૨)

ક્યાંથી આવ્યોને ક્યારે જવું છે, ફરી બેસવાનું જડશું નહિ ઠામ;
શરીઠામ, ભજોરામ, આવે કામ, સુખધામ. અરે ભાઈ૦
સુખ નથી કાંઈ આરે સંસારે, સૌ ભાવે ભજો ભગવાન;
મરોગાન, જાશેજાન, છે વેરાન, કહ્યુંમાન. અરે ભાઈ૦
સગું સબંધી આડું આવે નહિ, જાણ જાનું મુકીરે તમામ;
જાસેગામ, હોયેદામ, નહિકામ, ભજોરામ. અરે ભાઈ૦
ખોટી બાજીને ખેલી પ્રીતેથી, કાળ કદી નહિ મૂકે કહ્યું માન;
ભજોરામ, લાવીશાન, કરોગાન, વધેમાન. અરે ભાઈ૦
રંગ પતંગનો નથી રહેવાનો, મગનલાલ કહે થશે સૌ વેરાન;
દીયોદાન, ગુણવાન, ભજોરામ, આવે કામ. અરે ભાઈ૦

ગીતિ.

જાગીને જો જીવડા, આયુષ્ય તારૂં આરે જાય ચાલ્યું,
રામ ભજીલે પ્રેમે, ખોટું સુખ તેં મૂરખ શું માણ્યું.

રાગ ગોપીચંદ લડકા.

ચેતી જા પ્યારા, કાળ ફરે શિર ઉપરે. ટેક.
સંસારી સુખ ખોટું માની, ઉરમાં ધરજો વાત;
કાલ સવારે નાશી જવું છે, કરો નહિ ઉદમાદરે. ચેતી૦૧
કાગલ નાવે સિંધુ તરવા, શું રાખી તેં આશ;
ભજનવિણુ ભવ સાગર માંહે, ઘણા થયા નિરાશરે. ચેતી૦
હીરો વાળી વાની સુધી, નથી સાર લગાર;
ચેતી જાને ચેતન પ્યારા, લાગે જમના મારરે. ચેતી૦
આવ્યું તે તો માન જવાનું, કહું શું વારંમ વાર;
રાવણુ જેવા રાય ગયા ત્યાં, તારો શું આધારરે. ચેતી૦
મેલું માંડયો ચાર દિવસનો, પલમાં નાશી જાય;
તીગિર માયાનું તેં નવ જાણ્યું, પછી પસ્તાવો થાયરે. ચેતી૦
જુઓ જગતમાં કોણ રહ્યા છે, કહ્યું ધારજો કાન;
ચાર દિવસની ચટકી માનો, ખરશે પીપર પાનરે. ચેતી૦
નથી નવાઈ સૌ કોઈ માનો, કરો ભલે કુચાટ;
કાળ આવીને કેર જણાવે, વાળે સૈનો દાટરે. ચેતી૦
આળસ રાખી અવનીમાં બહુ, ભજ્યા નહિ ભગવાન;
મગનલાલ માને છે મનથી, ભૂલી ગયા ગુણવાનરે. ચેતી૦

રાગ—ભેખરે ઉતારો રાજા ભરથરી.

આરે દુઃખી સંસાર છે, માને રૂપી મુની રાયજી;

માટીના માનવી માનજે, તારી બળી જશે કાયજી. આરે૦
શુંરે કમાણો સંસારમાં, સાથે આવે નહિ કોઈજી;
સ્વારથમાં બહુ દુખી ગયો, માયામાં બહુ મોયજી. આરે૦
ખીલ્યાં ફુલો તેને ખરી જવું, ઉગ્યું આથમે રોજજી;
જન્મ્યું તે તો નકી માનજે, મરે કરી લેને ખોજજી. આરે૦
પાપ પુન્ય સાથે રહે, દુર રહે માને બાપજી;
અંધારી રાત્રે એકલાં, આડાં આવે છે પાપજી. આરે૦
મરણ મૂકે નહિ કોઇને, હોય ભલેને ભૂપાળજી;
કાળ આવીને પકડશે, ત્યારે સાંભળે દયાળજી. આરે૦
રામ ભજીલેને પ્રાણીયા, મૂકી માયાને દૂરજી;
ગગનલાલ કહે નહિ નડે, ભાઇ માનો કાળ ક્રૂરજી. આરે૦

રાગ - સદર.

મરણ મરે નહિ માનવી, રાખો નહિરે ગુમાનજી;
એક દિવસ ચાલ્યા જવું, ઉરમાં લાવોરે શાનજી. મરણ૦
મોટા મોટારે મરી ગયા, મરી જાવું જરૂરજી;
પૈસો, પુત્ર, પરિવારને, મૂકી જાવું છે દુરજી. મરણ૦
રાવણ સરખા રાજા ગયા, કાળ મૂકે ન કોયજી;
ભીમ જેવા ભાઇ ક્યાં ગયા, તું સગાંને શું રોયજી. મરણ૦
જોર જણાવો જગતમાં, હૈયે હરખ ન માયજી;
કાળ ફરે છે શિર પરે, જોત જોતાંમાં જાયજી. મરણ૦
દોહીલી વેળાએ કોઇ નથી, જ્યારે જમ કરે જોરજી;
નાડી તૂટે જ્યારે આપણી, સગાં કરે શોર બકોરજી. મરણ૦
સીતાવર સેવો પ્રેમથી, સાચા દીન દયાળજી,
ગગનલાલ નકી માનશો, લેશે શામ સંભાળજી. મરણ૦

રાગ—સહર.

જુઠી બાજી આ સંસારની, સમજુ સમજી તો જાયજી;
મુરખ મન માને નહિ, હાલો જગમાં કુટાયજી. જુઠી૦
પામર જીવો ભૂલા પડી, કૂળી ગોથાં બહુ ખાયજી;
સાચું સગું તો મળે નહિ, ખોટો પ્રેમ જણાયજી. જુઠી૦
મારૂં મારૂં શું માની રહ્યો, તારૂં નથી તલ ભારજી;
અંત સમે અલગા થશે, માત પીતાને નારજી. જુઠી૦
તન પણ તે તો તારૂં નથી, બીજું ક્યાંથી તારૂં થાયજી;
આંખ ઉઘાડી જો મૂરખા, હાલાં ગોથાં શું ખાયજી. જુઠી૦
ખોટી માયા મુકો માનવી, ખોટો જગ છે આ ખેલજી;
રામ ભજી લેને પ્રાણીયા, મુકી મનનો તું મેલજી. જુઠી૦
સેવક મગનલાલ માનશે, ખોટો સાવ સંસારજી;
હાલે હાથે જવું જાણજે, આવે નહિ માયા પારજી. જુઠી૦

રાગ—ગજલ. મેરે શ્રીનાથજી પ્યારે.

સીતાપતિની સેવા સાચી, બધી વાતો જગત કાચી. ટેક.

સાખી

કરજોડી કરૂં વિનંતી, સીતાપતિ શ્રીરામ;
ભક્તિનો મારગ દીયો, આવે આખર કામ.
મને આજે સુખી કરજો, દુઃખો મારાં તમે હરજો. સીતા૦

સાખી

તન, મન, ધન અર્પ્યું તને, છોડી જગ જંજાળ;
આવ્યો હું શરણે સદા, લીયો રામ સંભાળ.
મરણની બીક મને લાગે, કઠણ જે કાળ દંડ વાગે. સીતા૦

સાખી

મેં માન્યું મનમાં ખરે, મરવું ન મટે પ્રતીત;
તે માટે તુજને કહું, કર મારું તું હીત.
શરણુ હે શ્રીંગ મને રાખો, માયામાં જીવ મચ્યો લાખો. સીતા૦

સાખી

તુજ ભકિત પ્રીતે કરૂં, ઉરમાં ધરી ઉમેદ;
સગાં સંબંધી સ્વાર્થના, નીરખી પામ્યો ખેદ.
તમારી સેવ નકી સારી, શરણુ રાખો મને તારી. સીતા૦

સાખી

આ જગની બાજી ખરી, જુઠ, કપટની જાળ;
મગનલાલ માની લીયે, લીઓ રામ સંભાળ.
ચરણની હું કરૂં સેવા, સીતા માતા ગુણી દેવા. સીતા૦

રાગ—સુણો નગર શેઠ.

હે જીવ સમજ, હે જીવ સમજ, આ જાય અમુલખ ટાણું;
રામ ભજી લે પ્રેમથી, ફરી નહિ મળે ખર્ચે નાણું. ૧
નથી સગું કોઇ, નથી સગું કોઇ, તારૂં અવનીમાં ભાઈ;
જતા રાખો જાણજે જીવ, નહિ લેવાદે પાઈ. ૨
શું પ્રેમ ધરે, શું પ્રેમ ધરે, આ જગની ખોટી બાજી;
સગાં સબંધી સ્વાર્થના, મનમાં મુરખ શું રાજી. ૩
હે ભાઈ સમજ, હે ભાઈ સમજ, આ ભવ દુઃખકે બહુ ભારી;
કાળ કદી નહિ છોડશે, તું શું બેઠો સુખ ધારી. ૪
છે ખરૂં સુખ, છે ખરૂં સુખ, સીતાવરની કર સેવા;
મોક્ષ પદાર્થ આપશે, તે છે દેવોના દેવા. ૫
ઉરબીક ધરો, ઉરબીક ધરો, હે નરો તમે મરવાનાં;
મગનલાલ મન માનશે, નકી ભજન થકી તરવાના. ૬

રાગ—ઉપરનો.

સહુ જાણીલીઓ, સૌ જાણીલીઓ, આ કાળ ફરે છે માથે;
કરવું હોય તે કરી લેજો જન, જે હાથે તે સાથે. ૧
શું ડાહ્યો થઈ, શું ડાહ્યો થઈ, આ ઉત્તમ દેહ ગુમાવ્યો;
રામ ભજ્યા વિન પ્રાણીયા, હવે શું રાખે સુખ દાવો. ૨
ફટ નફટજીવ, ફટ નફટજીવ, શું વિષયમાં સુખ લીધું,
ગનંચરીને મૂરખા, શું ઝેર હલાહલ પીધું.
હજી ચેતી જઈ, હજી ચેતી જઈ, તું જા રઘુ વરને શરણે:
મગનલાલનું માનીને, સૌ નમી જાઓને ચરણે. ૪

રાગ ઉપરનો.

હે પામર જીવ, હે પામર જીવ, તું રામ નથી કાં ભજતો;
વિષય વાસના જગતની, તું કેમ નથી કાં તજતો. ૧
નથી અમર કોઈ, નથી અમર કોઈ, જો નથી રહ્યા આ જગમાં;
કાળ આવીને આ ઉભો છે, મોત ગણો જન પગમાં. ૨
બહુ દુઃખ પડે, બહુ દુઃખ પડે, તું રામ સંભારે ભાઈ;
ઘર સળગ્યા પછી કુવો ખોદાવે, ક્યાંથી જાય બુઝાઈ. ૩
ગયાં વર્ષ ઘણાં, ગયાં વર્ષ ઘણાં, પણ પાપી જીવે ન જાણ્યું;
મારૂં મારૂં કરી મૂરખ નરને, બહુ સંસારે તાણ્યું. ૪
આ વખત જાય, આ વખત જાય, તે આવરદામાં ઓછો;
તારૂં બગાડયું તેંજ જીવ હવે શું મૂરખ નર રોછો. ૫
હજી ચેતી જઈ, હજી ચેતી જઈ, જો પ્રીતે રામ સંભારે:
અવગુણ સામું નહિ જુએ તે, ચડે આપણી વારે. ૬
છે બહુ નામી, છે બહુ નામી, સૌ રામ નામને લેજો;
મગનલાલ સુખ થાય નહિતો, પછી આવીને કેજો. ૭

રાગ—કાલિંગડો.

ચેતી લેજે અહીં દહાડા છે તું ચાર; આખર જવું પ્રાણી મરીરે. ટેક.

અવિચળ નથી કોઈ નિરધાર; આખર૦
કાળ આવી પકડશે તારી બાંઈ; આખર૦
જતાં જીવ બોલે નહિ કાંઈ બાઈ; આખર૦
ગયા મોટા મોટા હતા ભારે ભૂપ; આખર૦
અરે તેનું જોવા જેવું હતું ભારે રૂપ; આખર૦
જગ સ્વારથની બાજી નકી માન; આખર૦
તેમાં ડૂબી મૂઆ કંઈક હેવાન; આખર૦
સાચું સુખ છે શ્રીહરી કેરી સેવ; આખર૦
તને તારી લેશે દુઃખથી તે દેવ; આખર૦
ઉરમાં અમારી વાત તું વિચાર; આખર૦
મગનલાલ કહે સેવો નર નાર; આખર૦

રાગ ઉપરનો.

અરે ખોટી ખલકની બાજી જીવ જાણ; મરણ કદી નહિ મટેરે.

મુવા પછી માન થશે નકી હાણ; મરણ૦
પુરો પ્રેમ લાવી ભજ ભગવાન; મરણ૦
કેમ ભૂલી ગયો થઈ ગુણવાન; મરણ૦
અભિમાન ઉર થકી કરો દુર; મરણ૦
મન માનો તમે જાવું છે જરૂર; મરણ૦
કાળ આવી ઉભો નકી મન માન; મરણ૦
તેનું તને નથી કાંઈ બાઈ ભાન; મરણ૦
કરી લેજે પુરા પુન્યનાં તું કામ; મરણ૦

તેથી તારૂં અવિચળ રહેશે આંહી નામ; મરણ૦
ગતિ પ્રભુ કેરી પામ્યા નહિ કોઇ; મરણ૦
જગતમાં જનમીને મુડી ખોઇ; મરણ૦
ઇશ દુર નથી કર દર પાક; મરણ૦
ક્ષણે ક્ષણે આપે તેજ ધનસાક; મરણ૦
અરે સીતાપતિની કરોને સાચી સેવ; મરણ૦
તને તારી લેશે દુઃખથી તે દેવ; મરણ૦
જેને ભાવથી ભજ્યા છે ભગવાન; મરણ૦
મગનલાલ માને સાચો સુખવાન; મરણ૦

રાગ—ઉપરનો.

ધીક ધીક માનું તારો હું અવતાર; ઘડી ન ભજ્યા રામ બાહરે.
તને લાગશે ભારી જમ કેરા માર; ઘડી૦
તારૂં એળેગયું બધું જો આયુષ્ય; ઘડી૦
જર, જુવાનીનો ઉરે છે અંકુશ; ઘડી૦
હજી ચેતીજા તો હીત તારૂં થાય; ઘડી૦
સીતાવર સેવે સુખ બહુ થાય; ઘડી૦
અરે મન માની લેજે મારૂં કહ્યું આજ; ઘડી૦
ગોપીચંદ રાજા છોડી ગયા રાજ; ઘડી૦
કોઈ ભાવથી ભજે છે ભગવાન; ઘડી૦
અરે તેને સીતાપતિ કરે સુખવાન; ઘડી૦
જગ માયા નકી જુઠી મન માન; ઘડી૦
પલમાં જવાનું માનજે હેવાન; ઘડી૦
•રાજી થઇને કરોને સાચી સેવ; ઘડી૦
દુઃખ કાપી લેશે તારાં તતખેવ; ઘડી૦

મગનલાલ સેવક માગેછે મહારાજ; ઘડી૦
સફળ કરો સીતાપતિ મારાં કાજ; ઘડી૦

રાગ—કેરબો (જોઇ ટીપણુને)

તારૂં સગુ નથી કોઈ સાચું આ સંસાર માંહીરે;
આ સંસાર માંહીરે, આ સંસાર માંહીરે. ટેક.
પુરા પ્રેમે કહુ તમોને, ભજ્યો શ્રી રામ;
સાચે સાચું માનો ભાઇઓ, આખર આવે કામ. તારૂં૦
માણસ માનો મુળ વિનાનું, પલમાં ઉડી જાય;
ઘણા જનો તો જાવા ટાણે, દીલમાં દીલગીર થાય. તારૂં૦
કહ્યું માનજો કાન ધરીને, દુર નથી ભગવાન;
ઘટમાં બેશી જુઓ તમાસો, ઉરમાં આણો શાન. તારૂં૦
ગયા જગતમાં જનમી ઝાઝા, જાવું સૌને માન;
મુરખ મનમાં સમજી સાચું, ભજી લેને ભગવાન. તારૂં૦
રાવણ જેવા રાય ગયા ત્યાં, તારૂં શું મગદુર;
રામ ભજીલે ઘટમાં વ્યાપક, ઉરનો તજ અંકુર. તારૂં૦
મરણ મટે નહિ સાચું માનો, કરતાં ક્રોડ ઉપાય;
મગનલાલ માને છે મનથી, સૌ સેવો રઘુરાય. તારૂં૦

રાગ—ઉપરનો

સજ્જન સેવીલેને, સાચા સીતારામનેરે;
સીતારામનેરે, સીતારામનેરે. ટેક.
સુખ આપે છે સાચું પોતે, સેવકને તતકાળ;
રામ ભજીલે પ્યારા બંધુ, છોડી જગ જંજાળ. સજ્જન૦
સાચું સુખ નથી સંસારે, માની લેજે મન;
કાલ સવારે જવું આપણે, બળશે તારૂં તન. સજ્જન૦

મુરખ મનમાં માને આઇ, માયામાં લપટાઇ;
ઘડી ભજ્યા નહિ પ્રેમ ધરીને, સીતાવર સુખદાઇ. સ૦જ૦ન૦
રૂંએ રૂંએ રામ રહ્યા છે, રામ નથી કંઇ દુર;
હરદમ રટવું રામ નામને, ઉરનો તજી અંકુર. સ૦જ૦ન૦
કાયા માયા નથી રહેવાની, નથી રહેવાં ઘરબાર;
ઠાલે હાથે જવું માનજે, મુરખ મન તું ધાર. સ૦જ૦ન૦
નથી બેસતાં દામ આપણે, રામ ભજનમાં રોજ;
શા માટે તું ખોઇ વખતને, ખોટી માણે મોજ. સ૦જ૦ન૦
મગનલાલ છે બાળ આપનો, કરજોડે મહારાજ;
જ્ઞાન વધારો ભક્તિ કરવા, સેવક રાખો લાજ. સ૦જ૦ન૦

રાગ—ગજલ
(વચન કૈસે નિભાવે ગે)

માયા દુનિયા તણી જુઠી, નહિ એ કોઇને ત્રુઠી;
બનીજા મન બ્રહ્મચારી, જગતની રીત છે ન્યારી. ૧
આવે સ્વપ્નુ જુઓ રેને, પ્રભાતે જઇ કહો કેને;
ન દીઠું માન સુખ સાચું, વારી જેમ સૂત્રનું કાચું. ૨
ફના છે આ જગત બાજી, મુરખ તું મન શું રાજી;
થયો જેમ વિજ ચમકારો, તેવો છે માન જનમારો. ૩
રઘુવર શામ ધરો ચિત્તે, ભજન તું ભાઇ કર પ્રીતે;
ચેતી લે મન જીવ જાશે, ગતિ તારી બુરી થાશે. ૪
નરે છે જન બુરાં કામો, કરો તેવું નકી પામો;
સીતાપતિનું ભજન કરજો, તમારાં દુઃખ સૈ હરજો. ૫
લાગે છે ભક્તિ બહુ પ્યારી, રઘુવર શામ જાઉવારી;
મગનલાલે ખરૂં માન્યું, મરે છે મહી મોટું નાનું. ૬

રાગ—મરારે રહે ભુલભુલ

સમજ મન હે નકી મરવું, ખીલ્યાં પાનો તેને ખરવું;
ભજીલે ભાઈ સુખકારી, ખરા પ્રેમે ગુણો ગાઈ. ૧
ઉગારોરે દયાનિધી, ચરણુની મેં પ્રીતિ કીધી;
સહુ છોડી નકી જાવું, ભજનથી ભાઇ નહિ કાવું. ૨
તજી દે મન ખોટી રીતી, શિરે છે કાળની ભીતિ;
વિવેકી થઈ સુખો પામો, ધરમના તો કરો કામો. ૩
મગનલાલે કહ્યું માનો, જવાનું છે ગુણુવાનો;
સીતાવરને પ્રીતે સેવો, કૃપાળુ છે ખરો દેવો. ૪

દોહરો

મોત ન મૂકે કોઇને, ખુશી ધરો કે ખેદ;
તો દિલગીર શીદને થવું, ઉરમાં ધરો ઉમેદ.

લાવણી.

(જોડી તેં નવ જોઈ ગાડી—એ રાહ)

ભજન કર ભાવ થકી ભાઈ; (૨)
સ્થાવર જંગમ જાણુ જવાનું, સ્થીર નથી આંહી. ભજન૦
પડી છે કાળ તણી ફાંસી; (૨)
મારૂં મારૂં કરી મૂરખ નર કરે ઘણી હાંસી. ભજન૦
નકી નર જાણુ ખરૂં મરવું; (૨)
ખીલ્યાં પાનો પીપર કેરાં તેને છે ખરવું. ભજન૦
અમર નથી કોઈ અરે આંહી; (૨)
ચૌદ ચોકડી રાજ્ય તજીને ગયો રાવણુભાઈ. ભજન૦
જગત છે ખોટી આ બાજી; (૨)
પાપ કરીને ભર્યાં પોટલા મન છે બહુ રાજી. ભજન૦

સંગ તું સજ્જનનો કરજે; (૨)
સાત દિવસ સીતા વર સેવી દારૂણ દુઃખ હરજે. ભજન૦
ચડી છે કાળ તણી સ્વારી; (૨)
રાવણ જેવા ગળી ગયો ત્યાં તું છે શું ભારી. ભજન૦.
મુરખ નર કહે મારૂં મારૂં; (૨)
નગ્ન જન્મીને નગ્ન જવું છે નથી કાંઈ તારૂં. ભજન૦
બગાડયું કામ અરે તારૂં; (૨)
ચેતી લે તું વખત હજી છે વચન કહું સારૂં. ભજન૦
જુઓને ઘણા મરી જાયે; (૨)
કઠણ દીલને શું સમજાવું માર જીવ ખાયે. ભજન૦
જગતનું સુખ બધું ખોટું; (૨)
કાળ કોળીયા કરી જાય છે નાનું ને મોટુ. ભજન૦
ભજી લે ભાવ થકી પ્યારા; (૨)
મગનલાલ માને છે મનથી ખેલ ખલક ન્યારા. ભજન૦

દોહરો

સાર નથી સંસારમાં, પામ્યા નહિકો પાર:
દુઃખના આ દરિયા વિષે, રામ ખરો આધાર.

લાવણી (જોડી તેં ન જોઇ આડી.)

જગત છે સ્વપ્નાની બાજી; (૨)
રઘુવરને તું શરણ થઈને મનમાં થા રાજી. જગત૦
દુઃખ છે દુનિયાના ભારી; (૨)
હીત શીખામણ ખરી ગણીને સુણી લેજો નરનારી. જગત૦
અરે જીવ ક્યાંથી તું આવ્યો; (૨)
શોધ કરી લે આ સંસારે નથી કાંઈ ફાવ્યો. જગત૦

જ્ઞાન તું જરી નહિ પામ્યો; (૨)
પશુ તુલ્ય તેં કરી મજુરી ખરૂં નહિ કામ્યો. જગત૦
ભરી તેં પાપ તણી પાલી; (૨)
જોયા ટાણે જીવ જાણુંજે ખીસું છે ખાલી. જગત૦
બોધ તેં ઉરમાં નહિ લીધો; (૨)
ગર્વ તણો આ ઝેરી પ્યાલો હોંસે તેં પીધો. જગત૦
કર્યું તેં ભુંડું જીવ તારૂં; (૨)
ખરા સ્વાર્થની બાજી ખોઈ કર્યું મારૂં મારૂં. જગત૦
ઉમર તુજ આગે ચાલી જાયે; (૨)
મગનલાલ કહે મુઆ પછી જીવ ત્યાં બહુ પસ્તાયે. જગત૦
ઉમંગે સીતાવર સેવો; (૨)
સ્વર્ગ મળે છે ખરૂં માનજો ગયા છે દેવો. જગત૦

છપ્પો

ખીલે તે કરમાય, ફળી કુસુમની ક્યારી;
ખીલે તે કરમાય, વાત માનોને સાચી.
ખીલે તે કરમાય, સઘળી છે ખોટી બાજી;
ખીલે તે કરમાય, થાય મુરખ નર રાજી.
જન્મ્યું તે નક્કી જાણજો, મરવા કારણ માનવી.
મગનલાલ માની લહે, કહી ગયા મોટા કવી.

દોહરો.

કાળ ન મૂકે કોઈને, કાં રાજા કાં રંક;
શરણે રહો સીતાપતિ, જાવું છે નિશંક.

રાગ—કલ્યાણ

શ્રી જાનકીપતિ, છે ચમત્કૃતિ,
ભાવ ધરી ભકિત કરૂં, કરો સદ્ગતિ. ટેક.
આદ્ય અનાદિ દયાળુ છો તમ, કરોને સૌને સહાય;
ભવપતિ ભયના ટાળક છો પ્રભુ, પ્રેમે લાગું પાય. શ્રી૦
કરે પ્રયત્નો ભકિત કરવા, નિત્ય જપે તુજ જાપ;
દર્શન કરવા પ્રેમે આવ્યા, સેવક સંકટ કાપ. શ્રી૦
મોક્ષગતિ પ્રાણીને આપો, રટું આપનું નામ;
સીતાપતિ સૌ સંકટ હરજો, કરજો સૌનાં કામ. શ્રી૦
અહંકારી રાવણને મારી, કર્યાં દુઃખને દુર,
પીતા વચનને પાળ્યું આપે, રાખ્યું પ્રભુજી નુર. શ્રી૦
મતિ સુધારો ગતિ પામવા, સીતાપતિ શ્રીરામ;
મગનલાલ પ્રભુ પાયે લાગે, કરો અમારાં કામ. શ્રી૦

રાગ—સીતાજીના મહીના

છોડ માન ખરૂં કહું આજ, સગું કોઇ અહીં નથી;
ખોટાં કરીને ખલકમાં કામ, સુખી બાઇ કોમથી. ૧
સ્વપ્ના જેવો માનીલે સંસાર, આખર સૌ નાશી જશે;
જ્યારે લાગે જમડાનો માર, પસ્તાવો પછી થશે. ૨
મુકી રાજ ગયા મહારાજ, ગોપીચંદ ભરથરી;
માયા કેરો ન આવે પાર, કહું તને ફરી ફરી. ૩
મોત મુકે ન માનવ માન, રાવણ જેવા કયાં ગયા;
હતા પાંડવ પુત્રો પાંચ, હાલ બહુ બુરા થયા. ૪
ઉગી દીન થાયે બપોર, સાંજે સુરજ આથમે;
ખીલ્યું ફુલ નહીં કરમાય, મરણને મોટા નમે. ૫

જેણે રાખ્યો ઉરે પુરો પ્રેમ, રામને શરણુ ગયા;
સુખી થઈને સંસારે માન, સ્વર્ગના વાસી થયા. ૬
માનો મિત્રો કહે મગનલાલ, વિયોગી આપણુ થશું;
ખેલી ખોટી બાજી રોજ, ચાલ્યા આખર સૌ જશું. ૭
માટે ચેતીને ચાલો ચાલ, ભક્તિ ન ભૂલો કદી;
થાઓ શરણે સીતાવર શાંમ, ગયા રૂપી મુનિ વદી. ૮

ગરબી

(આવજો, આવજો, આવજોરે, આજ વ્હેલાં નિશાળે—એ રાહ)

રામ ભજવાનું મન થાયછેરે, મને રામ ભજવાનું મન થાયછે;
જેને ભજ્યાથી સંકટ જાયછેરે, મને રામ ભજવાનુ મન થાયછે. ટેક.
કાળ તણી બીક મટવાને સારૂ, રામ ગુણ ઘણા ગાયછેરે; મને૦
ચેતી લેજો તમે પામર પ્રાણી, આયુષ્ય અરે ચાલ્યું જાયછેરે, મને૦
મોક્ષ ગતિતો આપી ઘણાને, સાચા દેવ રઘુરાયછેરે; મને૦
દુઃખ પડે કદી ભક્ત શિરેતો, સીતાપતિ આપે ધાયછેરે; મને૦
માયા મૂકીને રામ ભજીલે, ગોથાં ગમારશું ખાયછેરે; મને૦
સંકટ નિવારે દેવ કૃપાળુ, સદા મગનલાલ સહાયછેરે; મને૦

રાગ—ઉપરનો

જાયછે જાયછે જાયછેરે, તારો રામ ભજન વખત જાયછે;
થાયછે થાયછે થાયછેરે, પછી પામર પસ્તાવો થાયછે. ટેક.
સુખ આપ્યું તને સીતાપતિયે, ભુલ ભજન શું ખાયછેરે; તારો૦
જુઓ વિચારી દીલમાં તમારા, મોટા મોટા મરી જાયછેરે; તારો૦
મોત મૂકે નહિ ક્રોડ ઉપાયે, સેવી લે રામ સુખદાયછેરે; તારો૦
કાયા માયા કંઈ કામ ન આવે, સંસારી વા ખોટા વાયછેરે; તારો૦

ચાર ઘડીમાં ચાલ્યા જવુંછે, પુરો પસ્તાવો પછી થાયછેરે; તારો૦
ખરા પીતા તો સીતાવર સ્વામી, સૌના સીતાજી માયછેરે; તારો૦
ગમાર ગંગા મૂકી દઇને, વૈતરણીમાં કાં નાયછેરે; તારો૦
ગયો વખત તો આવે ન પાછો, ચેતીજા હજી ઉપાયછેરે; તારો૦
અન્યનું સુખ શું સારૂં દેખીને, ઉરમાં અદેખાઇ થાયછેરે; તારો૦
ચક્રી ફરેછે કાળતણી શિરે, મોટા મોટા તો દળાયછેરે; તારો૦
દુઃખ પડે નહિ માને મગનલાલ, દીલમાં જેના રઘુરાયછેરે; તારો૦

રાગ—સહીયર દુઃખ શું દાખીયે

જીવ ગતિ તુજ શી થશે, મુરખ કરી લે વિચાર;
સંસારી માયા ખોટી ખરી, પામ્યા નહિ કોઇ પાર. જીવ૦
દેવ, દાનવ, રૂપી ગયા, ગયા ઘણેરા રાય;
આખર દિવસે માનજે, બાળી દેશે તુજ કાય. જીવ૦
નામ ન લીધું રામનું, કામ કીધાં બહુ ક્રુર;
પાપી અરે જીવ જાણજે, જાવું તારે જરૂર. જીવ૦
રાવણ જેવા અરે ગયા, કાળ મૂકે નહિ કોઇ;
આંહી નથી જીવ તાહરૂં, સૌ સ્વારથને રોય. જીવ૦
દુનિયામાં ચેતીને ચાલજે, તેથી સુખ બહુ થાય;
જન્મો તે મરવા કારણે, ભૂલ શાને તું ખાય. જીવ૦
ભાઇ ભજીલે રામને, સાવધ થઇને જરૂર;
અંત વખત અળગા રહે, જાવું પડશેજ દુર. જીવ૦
ભકતને પાર ઉતારશે, લેશે શામ સંભાળ;
મગનલાલ માની લીયે, એવો છેરે દયાળ. જીવ૦

રાગ—ઉપરનો

સ્વપ્ના તુલ્ય આ સંસાર છે, ગર્વ મનમાં ન આણ;

સાચું સગું કોઇ અહીં નથી, દેહ પડશે નિરવાણ. સ્વમા૦
કાળ મુકે નહિ કોઇને, હોય રાય કે રંક;
વેહેલું મોડું સૌ માનજો, છોડે જગને નિશંક. સ્વમા૦
પંખીનો મેળો તું માનજે, વધશે ઘટશે હમેશ;
પલમાં વિયોગી સર્વે થશે, રહેશે નહિ કોઇ શેષ. સ્વમા૦
જુઠી કાયા માયા જાણજે, જુઠો જગતનો છે ખેલ;
પ્રભુને ભજીલે તું પ્રાણીયા, મુકી મનનો તું મેલ. સ્વમા૦
આખર વેળા અળગા થશે, પીતા પત્નિને ભાઈ;
સુરખ ચેતીલે મન વિષે, ખોટી જગની સગાઈ. સ્વમા૦
આવી ફસાણા સ્વાર્થમાં, સેવ્યા નહિ રઘુરાય;
સેવક મગનલાલ સાચું કહે, પછી પસ્તાવો થાય. સ્વમા૦

રાગ—હૈયાના ફુટયા.

અપેક્ષા ઇશ્વરની રાખો, મુખથી બીજું નહિ ભાખો. ટેક.
રાગ રામનું રટને પ્રાણી, લઈ સીતાનું નામ;
આખર વેળા જીવ સમજજે, તારે આવે કામ. અપેક્ષા૦
નામ દેવને પરચો આપ્યો, કબીર કર્યાં બહુ કામ;
પહેલાદજીને પાસે રાખ્યા, એવા છે શ્રી રામ. અપેક્ષા૦
વિના આધારે પથર તાર્યા, રાખી સેવક લાજ;
રાખ આસરો મનમાં સાચો, કદી ન બગડે કાજ. અપેક્ષા૦
મગનલાલતો માને મનથી, રામ કરે સૌ કામ;
રામ ભજ્યા વિણ પામર પ્રાણી, બુડયું તારૂં નામ. અપેક્ષા૦

દોહરો.

જગની બાજી જાણજો, જુઠ, કપટ, જંજાળ;
હરિ ભજનથી પ્રાણીયા, નડે નહિ કદી કાળ.

રાગ—ચીતાલી માફ.

રે રે જગની બાજી, શું થાઓરાજી, અંતે હરાજી. કામ
ન આવે કોય. ટેક.

માયામાં ગુંથાઈ રહીને, ભજ્યા ન ધરી ઈશ;
એમ બધો અવતાર ગુમાવ્યો, જુએ બધું જગદીશ. રેરે૦
માત પીતાનો પ્યાર છે ખોટો, આખર ન આવે સાથ;
દેહ ઉપરે જ્યારે દુઃખ પડે છે, દયા કરે દીનનાથ. રેરે૦
જન્મ ધરીને જુઠું બોલ્યો, લીધું ન હરિનું નામ;
છળ ભેદને છાની વાતો, કપટ કર્યાં તેં કામ. રેરે૦
ભૂલ્યો પડ્યો ભવસાગર માંહી, નાણ્યા દીઠું કાંઈ;
દુઃખો થઇને દીવસો કાઢયા, ઝાલે કોણ તારી બાંહ્ય. રેરે૦
માન મૂકે નહિ મહેશ મોટા, હોય હજારો ગામ;
કાળ આવીને પકડે જ્યારે, કોઈ ન આવે કામ. રેરે૦
ભક્તિ વિના કદી સુખ મળે નહિ, માનો વિચારી મન;
મગનલાલ સાચું કહે છે, લાલચ મૂકો જન. રેરે૦

દોહરો.

સમરો સરજન હારને, પલમાં જશો જરૂર;
પાપપુન્ય સાથે રહે, ઈશ નથી માનો દૂર.

લલિત છંદ.

રટન રામનું નિશદિને કરો, ભવતણાં દુઃખોથી તમે તરો;
વખત વ્યગ્રછે શું કહું અતિ, પુરણ પ્યારથી ભજ સીતાપતિ. ૧
હૃદયમાં રૂડું ધ્યાન સૌ ધરો, પરમ પ્રેમથી રાખી આસરો;
શરણ થઈ સદાકર રૂડી મતિ, પુરણ પ્યારથી ભજ સીતાપતિ. ૨

પરમ ભક્તિના પ્રેમમાં રમો, જગત જુઠ છે કાં દુઃખો ખમો,
નહિ કદી થશે જીવને ગતિ, પુરણ પ્યારથી ભજ સીતાપતિ. ૩
ક્ષણુજ વારમાં કાળ આવશે, પલક વારમાં શું અરે થશે;
હરગરી કહું રાખ સન્મતિ, પુરણ પ્યારથી ભજ સીતાપતિ. ૪
જન જુવાનીનો ગર્વ રાખમાં, બળી જશે અરે તન ખાખમાં;
બહુ બુરી થશે જાણજો ગતિ, પુરણ પ્યારથી ભજ સીતાપતિ. ૫
સકળ કાર્યમાં સહાય થા મને, નમું નમું સદા પ્રેમથી તને;
કરી કૃપા કરો શુદ્ધરે મતિ, પુરણ પ્યારથી ભજ સીતાપતિ. ૬
મગનલાલનું માનજો ખરૂં, મરણ આવતાં સૌ થશે પરૂં;
નહિ રહે નરો એકરે રતિ, પુરણ પ્યારથી ભજ સીતાપતિ. ૭

રાગ વણજારો.

સૌ સુણજો વિનંતી આજ, ઉરમાં ધારીરે;
આ રઘુવર કેરી સેવ, બહુ છે સારીરે.
પૂર્વકાળના પૂણ્ય જેનાં હોયરે;
તે સત્વર દોડી રોજ રઘુવર મોચેરે.
સૌ કરો ધરમનાં કામ થોડું રહેવું રે;
તમે જાણો જગના જન શું બહુ કેવુંરે.
આ કાળ મૂકે નહિ કોઈ રાજા રાણીરે;
કેમ સૂતા તાણી સોડ મરવું જાણીરે.
આ રૂષી મુનીની રીત છે બહુ સારીરે;
તેને વનમાં જઈને જન ગણ્યું બીક ટાળીરે.
આ જુઓ જગતની રીત માયા ફાંસીરે;
તે ટળી ન ટાળી મન છે બહુ રાસીરે.
કહે મગનલાલ જન સાચું માનોરે;
આ રઘુવર કેરી સેવ ઉરમાં આણોરે.

લાવણી.

(સુણો મિત્ર અમારા એક રૂદેમાં ધરજો.—એ રાહ.)

કર પરમારથનું કામ અંતે તરવાનું,
હું ઔષધ આપું એક દુઃખ હરવાનું;
રઘુરાય ભજી લે ભાઈ સુખ કરનારા,
સૌ સેવક કેરાં દુઃખ ખરા હરનારા. ૧
મીથ્યા દુનિયાના કાજ જુઠી છે માયા,
સૌ રૂષી મુનીને દેવ ઘણા પસ્તાયા;
આભવ જળ કેરાં દુઃખ વિચારો મનમાં,
બહુ રોગ ભર્યો છે સમજ ગુમાની તનમાં. ૨
જે જાય વખત તે ઉમર ઓછી થાયે,
અરે ભાઈ ભજનની ભુલ જરા નહિ ખાયે;
નથી રેવાનું તું માન વિચારી મનમાં,
પણ પુત્ર પત્નિને જીવ રહ્યા છે ધનમાં. ૩
આ અર્જ અમારી સુણો નરને નારી,
નહિ મટે મર્ણની બીક શિરપર ભારી;
હું કહું હીતની વાત વિચારી ચાલો,
કહે મગનલાલ ભક્તિથી ભાઈ માલો. ૪

રાગ—ઉપરનો.

સૌ સુણજો સજ્જન વાત ઉરમાં ધારી,
આ રઘુવર કેરી સેવ ઘણી ગુણકારી;
જે ખરા પ્રેમથી સીતાવર જઈ સેવે,
બહુ સુખી કર્યા છે માન ખરૂં કહું દેવે. ૧

એ દેવ તણા છે દેવ ખરા બહુ નામી,
હું નમું આપને રોજ સીતાના સ્વામી;
તમે દયા કરોને આજ દુઃખ બહુ પામું,
કરી કૃપા દયાળુ દેવ જુઓને સામું. ૨
બહુ તરી ગયા છે ગાન ખરૂં કહું તુજને,
આ ખારૂં લાગ્યું આજ ખલક સુખ મુજને;
હે રામલીગો સંભાળ દયાળુ દેવા,
હું કરૂં પ્રેમથી આજ તમારી સેવા. ૩
આ ભવજગ કેરાં દુઃખ વિખેરી નાંખો,
મને ગણી આપનો ભક્ત પાસ જે રાખો;
હું કરૂં વિનતી એક આપની આગે,
આ મગનલાલ મહારાજ ભક્તિને માગે. ૪

રાગ—ડરમાંતું દીલસાથ

કુડાં કરોમાં કામ, માનવી કુડાં કરોમાં કામ;
ભજીલ્યો શ્રી રામ, માનવી કુડાં કરોમાં કામ. ટેક.
પ્રીતે સંભારી, કાળને મારી, કર સીતાપતિ સેવજે સારી;
સુખી કર્યા બહુ નરને નારી, ધરો ધરમની હામ. માનવી૦
મન છે તારૂં, જાણુ અંધારૂં, સુખ ગણો સંસારી ખારૂં;
મન ગણે છે મારૂં મારૂં, આવે નહિ એ કાંઈ કામ. માનવ૦
જાણુ જવાનું, બુરૂં થવાનું, નકી નથી મન આંહી રેવાનું;
કહુ તને મનમાન સેવાનું, સાથે ન આવે તારાં દામ. માનવી૦
ઉરમાં ધારી, વાત નહારી, વિનતી સારી તેં સ્વીકારી; " "
દુઃખ નરકના નર છે ભારી, સુખ સાચું નહિ કદી પ.મ. માનવી૦

સેવ કરીલે દેવની પ્યાસ, જગના ખેલનું જાણજે ન્યારા;
અલગા અંતે સૌ થનારા, રાખો હૈયે હરી હામ. માનવી૦
માનનું મગનલાલનું સાચું, આંહીનું સુખ સદા છે કાચું;
ગજી થઈ હું તો રાગને રાચું, આવે આખર એતો કામ. માનવી૦

રાગ—નારીના કટાક્ષ પાસ.

પ્રેમથી ભજો તમે સૌ રામ નામને,
જગતના જનો તમે સૌ છોડી કામને;
આંહી નથી આપણું તું માનજે ખરૂં,
પ્રેમથી જનો હું સીતા રામને વરૂં. ૧
જન્મ, મૃત્યુ, આધી, વ્યાધી જગતમાં ભરી,
રામ ભજી દુઃખ નદી જાઓ જન તરી;
એકલો આવ્યો છે જીવ એકલાં જવું;
એક વખત જાણજે જન મર્ણું તો થવું. ૨
વખત બધો જો મળે છે ભજનનો નહિ,
મારૂં મારૂં જન કરી બુરી દશા થઈ;
કંઈ ગયા જુવાન જનો કાળ શિર ફરે,
રાય રંક જો નિશંક સર્વને હરે. ૩
મર્ણું માનજે નકી થવાનું માનવી,
જન્મ તેજ મર્ણું માન કહી ગયા કવિ;
કાળ બીક નહિ નડે સૌ રામને ભજો,
મગનલાલ બાળ રામ ગર્વને તજો. ૪

રાગ—મહીનું મુલ બતાવો.

પાયે લાગોરે સાચા સીતાપતિ સ્વામી;
તમે સેવા૦ કરો શિશ નામી. પાયે લાગોરે૦ ટેક.

આપે સુખ જનોને સારૂંરે, નથી આંહી સમજ મન તારૂંરે,
સુખ ગણો સંસારી ખારૂંરે;
સેવો સેવોરે સીતાવરના સ્વાગી; મેં તો વૃતિ દીધી છે વિરામી. પાગે૦ ૧
જીવ જાણું નકી જવાનુંરે, તારૂં ખુરૂં નકીરે થવાનુંરે,
થોડી ઘડી તારે રહેવાનુંરે, જાણો જાણોરે સીતાપતિ બહુ નાગી;
એમાં નથી જનો કાંઇ ખામી. પાયે લાગોરે૦ ૨
હું તો ભાવે ભજું છું તમનેરે, સુખ આપો રઘુરાય અમનેરે,
શાને દુઃખ સંસારી તુંખમનેરે;
સેવો સેવોરે સીતા વર બહુ નાગી;
હું તો કહું સદા શિશ નામી. પાયે લાગોરે૦
મગનલાલનું દીલ વિચારોરે, તમે સુણી પ્રીતે નર નારોરે.
ગરી જાતું મન સૌ ધારોરે;
રાખો રાખોરે પ્રેમ સીતાવર સ્વાગી, મને સુખી
કરો બહુ નામી. પાયે લાગોરે૦

રાગ ઉપરનો.

મુખથી બોલોરે, રામ નામ સૌ ભાઇઓ;
છે જગની ખોટી સગાઇયો. મુખથી૦
અંતરમાં ભાવ વધારોરે, તમે સુણી ગુણ નર નારોરે,
દુસ્મન મોટા દીલ મારોરે. બોલો બોલોરે;
શું વા સંસારી વાયો; નથી જગમાં જીવ કમાયો. મુખથી૦
આ સ્વમાની છે બાજીરે, શું થાય મુરખ નર રાજીરે,
નકી કાળ કરે હસજીરે, ચેતો ચેતોરે,
નથી રામ ગુણ મેં ગાયો, શું ખોટાં સુખમાં ધાયો. મુખથી૦

આ તન તારૂં છે ખોટુંરે, શિર ઉપર કાળની ચોટુંરે,
મરી જાય નાનું ને મોટુંરે, ગાઓ ગાઓરે;
રામ ગુણ સૌ ભાઇઓ, સૌ સાચી કરો સગાઇયો.—મુખથી૦
આ તન તારૂં નથી ધાતુરે, શું કરે મુરખ નર વાતુરે,
સત્વર સીતાવર ધાતુંરે, જાવું જાવુંરે;
એ નથી કાંઇ નવાઇયો, માટે સૌ સેવો રઘુરાયો.—મુખથી૦
સૌ પ્રેમ સીતાવર રાખોરે, સીતારામ મુખેથી ભાખોરે;
રામરસ મગનલાલ ચાખોરે, આવે આવેરે;
આ ક્રૂર કાળ અવાયો, રાવણ પણ પલમાં ખવાયો.—મુખથી૦

રાગ—દક્ષિણી લાવણી.

છે બધું ફના, માન કહ્યું મારૂંરે; જગત ખેલ, જળની રેલ, મુક મેલ,
પલમાં નાશી જાવુંરે.—છે બધું૦
શું થશે અરે, જીવ જાણ તારૂંરે; રામ ભજો, સુખ સજો, જુઠ તજો,
થશે નકી સારૂંરે.—છે બધું૦
શું કહું અતિ, મરણ બીક ભારીરે; કહ્યું માન, તજ ગુમાન, છે વેરાન,
નથી કોઇ તારૂંરે.—છે બધું૦
રામ સૌ ભજો, તમે સુખકારીરે; મગનલાલ, આપ બાળ, કહે હાલ,
નથી કાંઇ મારૂંરે.—છે બધું૦

રાગ—દીન્ડી.

રામચંદ્રજી એક આસરો તમારો, કરસાહી રામ દુઃખ થકી ઉગારો;
હું તો નિરંતર ધ્યાન ધરૂં તારૂં, માટે સહાય થઇ કષ્ટ કાપો મારૂં. ૧
આજગતમાં તુજ ભક્તિ છેજ સાચી, બીજી દુનિયા તણી વાત સાવ કાચી;
ઋષીમુનિ સહુ ધ્યાન ધરે ભાવે, તેને દુઃખ કદી સ્વપ્નમાં ન આવે. ૨

પ્રહ્લાદજીને અગ્નિથી ઉગાર્યો, સિંહરૂપ ધરી અર્થ સર્વે સાર્યો;
અનેક ભક્તતણાં કષ્ટ તમે કાપ્યાં, અંતે મુક્તિ કેરાં ધામ તેને આપ્યાં. ૩
પુરા પ્રેમ થકી નામ રટું તારૂં, મને મુક્તિ આપી કામ કરો મારૂં;
મગનલાલ મન આસરો તમારો, મને પાપ કર્મ થકી રાગ વારો. ૪

રાગ—પરજ.

(કામણ દીસે છે અલબેલા તારી આંખમાંરે.)

અરે જીવ મુકી માયા જાવુંછે, ઝટવારમાંરે; રેવું ધારમાંરે ટેક.
પાણીમાં પ્રગટયો પરપોટો, ખેલ બધો સંસારી ખોટો;
શું અંધ બનીને પ્રેમ ધર્યો, મરનારમાંરે; રેવું ધારમાંરે.—અરે જીવ૦
સુખ લાગે તુજને જે પ્યારૂં, અંગારો પડીયો છે દારૂ;
મારૂં મારૂં કહી મુરખ નર, પ્રેમ ધરે પરીવારમાંરે; રેવું ધારમાંરે. અરે જી૦
કાળ મૂકે નહિ ક્રોડ ઉપાયે, રાજ્ય તજ્યું ગોપીચંદરાયે;
ભાવ ધરીને ભક્તિ કરજે, સુખ નથી સંસારમાંમાંરે; રેવું ધારમાં. અરે જી.
જંગની છે જન ખોટી બાજી, જોઇ જીવ થાયે બહુ રાજી;
હરીવર સાચા શરણ થવાને, હોંશી હીંમત હારમાંરે; રેવું ધારમાં અરે જી૦
ખરા પ્રેમથી ભક્તિ કરશો, મગનલાલ કહે સત્વર તરશો;
અંત સમે અંતરયામી આવી ઉભે છે બારમાંરે; રેવું ધારમાંરે. અરે જીવ૦

દોહરો.

મુની માને છે મહી વિષે, કોઈ નથી જીવ સાથ;
પાપપુન્ય સાથે રહે, બીડી છે શું બાથ. ૧
આખર આ અવની વિષે, અમર નથી ઇનશાન;
આયુષ્ય ચાલ્યું જાય છે, સમજ સમજ હેવાન. ૨
રાયરંક સર્વે ગયા, ઘણા ગયા ગહાવીર;
મગનલાલ માને ખરૂં, કાળ રહ્યા સૌ શિર. ૩

ગરબી.

(પડવાની તો પ્રીત મનગમ ભુલીરે.)

તમે ભાવે ભજો ભગવાન, સીતા સ્વામીરે;
એ રાખે સૌની લાજ, અંતર જામીરે.
આગા બેઠા છે રઘુરાય, દર્શન આપેરે;
આ ભવસાગરના દુઃખ, દયાળુ કાપેરે.
શિર ઉપર શોભે છે તાજ, ન્યારા ન્યારારે;
કંઠે હીરા જડ્યા છે લાલ, ચમકે ન્યારારે.
આ ધનુષ ધરો છો રાય, લાગો સારારે;
હું પ્રેમે લાગું છું પાય, ભક્તો પ્યારારે.
સૌ સેવો સીતાપતિ રામ, સંકટ જાશેરે;
મગનલાલ માની લે મન, સુખ શાન્તિ થાશેરે.
પ્રેમ ધરી પુજા કરૂં રોજ, સુત હું આપનોરે:
મને થયો પરતાંખા રામ, મારાં પાપનોરે.

હરીગીત.

જનમું ખરૂં છે જાણજો, શિરમાં ઉમેદો શું ધરો,
હે પ્રાણીઓ હોંશે તમે હરિ ભજનની વાતો કરો;
નહિ તારશે નક્કી મારશે, છે કાળ ભારી શિરપરે,
જન્મ્યું તે નક્કી જાણજો, સંસારમાં સર્વે મરે. ૧
આખા દિવસમાં આદમી, અડધી ઘડી ભક્તિ કરો,
આ જગત કેરાં પાપને, સત્વર અરે બાળી હરો;
છે સ્વપ્ન આ સંસાર, મનનું ધ્યાર વાર લગાડમાં
અહંકારને તું માનવી, મનમાં કદી પેસાડમાં ૨

પદ (મહી દીપમાં ગવાશે)

સમજમન, સમજમન, શાથકી ફુલે છે;
ચારઘડી સુખમાટ, ભક્તિ શું ભુલે છે. સમજ૦
રાય ગયા, રાજ ગયાં, ભીમ ગયો ભારી;
શું બેઠો વિચાર કરી શું ગતિ છે તારી. સમ૦
નામ નક્કી નાશવંત, દેહ નથી રહેવાનો,
જીવ જાણ જગતમાં તું, સુખી નથી થવાનો. સમ૦
રહી બીલાડી રહી બીલાડી, દ્વારમાંજ તાકી;
જાણજો જનો તમે એ નહિ એ હાંકી. સમજ૦
મુકી લાજ લોકની તું, ભક્તિ કર ભાવે;
મગનલાલ સાચું કહે, સ્વર્ગ સુખ આવે. સગજ૦

વનજારે.

હરિ પાર ઉતારો, સંસાર ખુબ છે ખારો;
મને પાપ કર્મથી વારો, હરિદાસ ગણાઉં તારો. હરિ૦
આ ભવસાગરમાં ભટકી, મને ચડી ન દીલમાં ચટકી;
એળે ગયો જન્મારો, હરિદાસ ગણાઉંતારો. હરિ૦
હું પાપ કરી કરી થાકયો, તો પણ જરી નહિ પાકયો;
આ જગ લાગે છે ખારો; હરિદાસ ગણાઉં તારો. હરિ૦
હું માયામાં લપટાણો, હું નથી થયો કંઈ ડાહ્યો;
આ વખત મળયો મારો, હરિદાસ ગણાઉં તારો. હરિ૦
હું સુતો નહિ કંઇ સુખથી, નામ લીધું ન હરિ મેં મુખથી;
મેં ભર્યો પાપનો ભારો, હરિદાસ ગણાઉં તારો. હરિ૦
મેં જોયું મારા મનથી, કંઈ દુઃખી થયા છે ધનથી;

મને ગણી બાળ તમારો, હરિદાસ ગણાશે તારો. હરિ૦
હું મંગલપુરનો વાસી, આવ્યો શરણે અવિનાશી;
આ સફળ કરો જન્મારો, હરિદાસ ગણાશે તારો. હરિ૦

દોહરો.

આશાપુરી નહિ કોઈની, કાળ ગણાયો ક્રુર;
સીતાવરને સેવી લે, ઉરનો તજી અંકુર.

ચોપાઈ.

ગરવુ ઘટે નહિ સાચું માન, સમજી લે મનમાં ગુણવાન;
આવ્યું જગમાં જાવા માટ, કાળે વાળ્યો સૌનો દાટ. ૧
ભલે હોય રાજા ભૂપાળ, જમે પીરસી સુંદર થાળ;
શયન ભૂવન સારાં સૌ કરે, આખર માનો તેતો મરે. ૨
તે માટે ભજજો ભગવાન, આખર વધશે તેનું માન;
મગનલાલ સેવો રઘુરાય, આ દેહના સૌ સંકટ જાય. ૬

ભૂજંગી.

કૃપાળુ નિયંતા રઘુરાવ દેવા, પુરા પ્રેમથી હું કરૂં તારી સેવા;
મને આસરો આપનો એક ભારી, મહા કષ્ટ કાપો ભજું હું મુરારી. ૧
સહુ પ્રાણીને સહાય સાચી તમારી, નથી છુટવાની અરે આંહી બારી;
નથી સુખ કે દુઃખ જોતાં વિચારી, મહાકષ્ટ કાપો ભજું હું મુરારી. ૨
જનો માનજો એક કાળે જવાનું, વિયોગી અરે જીવ માનો થવાનું;
કરોગાં તમે આંહી બુદ્ધિ નઠારી, મહાકષ્ટ કાપો ભજું હું મુરારી. ૩
પુરા પ્રેમથી નામ લેજો ઉચ્ચારી, સદાનંદ છો નાથ માયા વિહારી;
મને છે બધું આપ ઈચ્છાનુ સારી, મહાકષ્ટ કાપો ભજું હું મુરારી. ૪

ગજલ.

(પીતાજી તમે આ શું ક્રોપ કર્યો—એ રાગ.)

અરે ભાઈ શું સાવ ભૂલી ગયો, પ્યારો દેહ તારો ન આજે થયો;
ગુજરી જાવું છે એક દિવસે ખરૂં, સ્નેહે બાઈ હું તો સીતાવર વરૂં. ૧
જુઓને મરણ બીક માથે ખરી, અરે ભાઈ ચિત્તમાં જરી નહિ ધરી;
પુરા પ્રેમથી ભક્તિ ભાવે કરો, માયા ખોટી મૂકી તમે નર તરો. ૨
લજ્જા રાખી છે નિજ ભક્તો તણી, અંતઃકર્ણથી જોઇ તેના ભણી;
પરમ પ્રેમથી નિત્ય ધ્યાનજ ધરૂં, પરમ ભક્તિથી પ્રાર્થનાને કરૂં. ૩
જુઓને તમે આંખી આણી અરે, જગતમાં જુવાનો બહુરે મરે;
મગનલાલ માને સેવો રામને, મુકીને જગતના ખોટાં કામને. ૪

ઠુમરી

(રાગ—બીગરી કોણ સુધારે)

સંકટ કોણ નિવારે, રામ બીન સંકટ કોણ નિવારેરે. ટેક
રાવણને બહુ ગર્વ થયો તો, આપ ગયા તે જાણીરે;
કપી સેનાની ચડી અસ્વારી, દયા દીલમાં આણીરે. સંકટ૦
રક્ષણ કરતા સંકટ હરતા, સાચા સીતા સ્વામીરે;
ઉરમાં ભક્તિ કરૂં આપની, શિશ ચરણમાં નામીરે. સંકટ૦
પેહેલાદજીને પર્વત પરથી, નાંખ્યા જેણે મારીરે;
સંકટમાંથી સહાય કરીને, લીધા આપે તારીરે. સંકટ૦
મીરાંબાઇ લાજ વધારી, તારી નરને નારીરે;
મોક્ષ પમાડ્યા જન ઘણાને, શું કહું હું વિસ્તારીરે. સંકટ૦
પીતા વચનને પાળ્યું આપે, ભરત બનાવી રાજારે;
ધન્ય ધન્ય પ્રભુ સત્ય કહું છું, રાખી જગની માજારે. સંકટ૦
દર્શન આપો દેવ કૃપાળુ, હું શરણે તો આવ્યોરે;

જ્ઞાની જગતમાં ઉલટું કામી, જાણી નહિ હું જ્ઞાન્યોરે. સંકટ૦
તન, મન, ધનથી ભક્તિ તારી, કરૂં હું સીતા સ્વામીરે;
મગનલાલ મંગલપુર વાસી, કહે શિરને નામીરે. સંકટ૦

રાગ—મારે મારે તરવાર

સેવીલે, સેવીલે, સેવીલે તું; સેજે સીતાવર સેવીલે તું. ટેક.
ચાર દિવસનું સુખ આંહીનું; ભજન કરી સુખ રેવીલે તું. સેજે૦
બહાદુર બની જાફાની દુનિયામાં; સાચા રઘુરાય સેવીલે તું. સેજે૦
દિવસ આથમતાં કામ આદરવું; પુરૂં થશે નહિ ભાઇ ટેવીલે તું. સેજે૦
કામ, ક્રોધને કાઢી નાંખીને; હોંશે હરીજન હેરીલે તું. સેજે૦
માનો મગનલાલ આરે જગતમાં; સાચા રઘુરાય સેવીલે તું. સેજે૦

રાગ—ઉપરનો

ભમેછે, ભમેછે, ભમેછે શું; ભુલો પડી ભાઇ ભમે છે શું. ટેક.
મારગ જડયો નહિ ગલી વિષે તો; દુઃખ દુનિયાના ખમે છે શું. ભુલો૦
રામ ભજ્યા નહિ આખી ઉંમરે તેં; ઘેલો થઇ ઘેર રમે છે શું. ભુલો૦
કાળ આવીને પકડે જ્યારે; મૂકે નહિ માન નમે તું શું. ભુલો૦
કામ ક્રોધને ખોટી લાલચમાં; રામ ભજન કદી ગમે છે શું. ભુલો૦
યાદ રાખી લે ચાલ્યુ જવું છે; ધાતુ વિના ધુળ ધમે છે શું. ભુલો૦
ક્રોડ ઉપાયે કાળ મુકે નહિ; કહે મગનલાલ ભમે છે શું. ભુલો૦

ઇંદ્ર વિજય

હે મન માન બની ગુણવાન, ભજો ભગવાન છે રામ કૃપાળુ;
કામ મૂકી જન રામ ભજીલે, રામ ખરે ખર છેજ દયાળુ.
આંહી નથી જન કોઇ રહ્યા, કહું કાન ધરી ગુણવાન વિચારો;
ચાર દિને જન ચાલ્યું જવુ છે, અમર આંહી નહિ કોઇ ધારો.

ગીતિ

નમું સીતા પતિ ચરણે, સુખી સદા આ સેવકને કરજો;
ભવ સાગરના દુઃખને, રઘુપતિ તમે સત્વર સૌ હરજો. ૧
અસ્થિર છે ધન યૌવન, પ્રભુ અસ્થિર છે મનુષ્યનો દેહ;
સત્ય જવું પરલોકે, તેમાં નહિ કાંઇ સંદેહ. ૨
મંગલ પથ દર્શાવો, સીતા પતિ હે કૃપા કરી અમને;
દયા કરી દુઃખ કાપો, સત્ય કહુંછું સીતાપતિ તમને. ૩
રામ ભજો સૌ પ્રીતે, સુણીલીયો સૌ વાત અરે ચિત્તે;
નથી રેવાનું આંહી, બાઝી રહ્યાશું મુરખનર પ્રીતે. ૪
ધરી મન તુજ વિશ્વાસો, માગીયે અમે અબળ જંતું;
તરીયા અનેક ભક્તો, પ્રભુ તુજ કરૂણા બળે વિપદ સિંધુ. ૫
પ્રાણુ ભલેજા પલમાં, ભજન અરેજન જરા નહિ ચુકો.
જાય અમુલખ ટાણું, મુરખ રામને જરા નહિ મૂકો. ૬
હું મંગલપુર વાસી, મગનલાલ છે બાળ સદા તારો;
દર્શન આપી મુજને, પાપ કરમથી સદા મને વારો. ૭

સાખી

ભવ જળછે ભારી અરે, તરી શકે નહિ જન;
નાવ ધરમનું ધારજો, શઠ રાખી શુદ્ધ મન.

ગીતિ

રઘુરાય પ્રભુ તમને, નમી નમી કરીયે પ્રણામ આ સમયે;
સર્વ વિનંતી અમારી, ભવપતિ સુણજો તમે સદા હૃદયે.
ઉચીત તમે જાણો જે, તે પ્રભુ દયાથી લેશો સ્વીકારી;
પ્રભુ મંગલ ગુણ ધારી, જયં જય કારી દયાળું ઉપકારી.

દોહરો.

રામ નામ જપવા થકી, સંકટ નાશી જાય;
આશા પુરી સર્વની, સાચા છે રઘુરાય.

રોળા વૃત.

કાળ મૂકે નહિ માન, કહું તુજને હે ભાઇ;
આ જગમાં તું માન, ખોટી છે સાવ સગાઇ.
પ્રેમ જણાવે નાર, વારમાં પલટી જાયે;
પતિ મરે કે તુર્ત, સદન તો બીજું થાયે. ૧
સેવા કર રઘુરાય, કામ તો આખર આવે;
કઠણ ગણો જે કાળ, ઝાળ પણ પાસે નાવે.
એવા છે એ દેવ, સેવ તું સાચી કરજે;
મગનલાલ મહારાજ. દુઃખ તું મારાં હરજે. ૨

સાખી.

નથી ટીપ્યું તાંબે આરે, તન તારૂં હે જન;
રામ ભજનમાં રાતદીન, રાખો સત્ય જનમન.

રાગ—મહાજુલમ જગતમાંરે.

સૌ સેવી લીઓ શ્રીરામ, આવે આખર જનો એનો કામ—ટેક.
કોઈ અવિચળ નહિ માન, ભજી લે ભગવાન;
થશે દેહ વેરાન, જરૂર જીવ જાયે. સૌ સેવી૦
ધરામાં ધરમને તું ધાર, કહું આ વાર;
સુણો નરનાર, જવાનું સાચું. સૌ સેવી૦
કાળ મૂકે નહિ હે ભાઇ, ખોટી આ સગાઇ;
નહિ સુખદાઈ, ભજી લે ભાવે. સૌ સેવી૦

સુખ આંહીનું થોડી વાર, નથી કોઈ સાર;
લાગે જમ માર, ચેતીને ચાલો. સૌ સેવી૦
માટે સેવી લીયો રઘુરાય, લાગીને પાય;
ખરા સુખદાય, સવેના બેલી. સૌ સેવી૦
સૌ વેણુ ધરોને કાન, રાખી સૌ ભાન;
જવાની છે જાન, કહ્યું સૌ માનો. સૌ સેવી૦
કહે માનો તમે મગનલાલ, ભજન કરો હાલ;
જવાનું છે કાલ; જરૂર મન જાણો. સૌ સેવી૦

રાગ ગોપીચંદ લડકા.

સેવા કર સાચી, રામ તણી હે પ્રાણીયા. ટેક.
શું તેં સુખ સંસારી માન્યું, ભજ્યા નહિ ભગવાન;
દેહ બંગમાં બેઠી રહેવું, નકી થશે વેરાનરે. સેવા૦
મૃગજળ દેખી મન હરખાણું, દુઃખી બહુ શું થાય;
તરસ વધારી તરસ્યા પાણી, જીવ જાણજે જાયરે. સેવા૦
માત પીતાનો પ્રેમ જોઇને, રાજી થયો બહુ મન;
જાવા ટાણે જાણ જીવડા, બળશે તારૂં તનરે. સેવા૦
ઉંધે માથે હતો ઉદરમાં, સહાય કરી રઘુનાથ;
દયા કરી છે દારૂણ દુઃખમાં, કેમ ભુલ્યો એ વાતરે. સેવા૦
એ ઉપકારો ગણ્યા નહિ તેં, નફ્ટ જીવ જરૂર;
મદ માયાનો રાખી મનમાં, ખોયું તારૂં નુરરે. સેવા૦

ઠુમરી

જડ ચૈન્ય તો જાણ જવાનું, નથી કોઇ રેવાનુંરે,
શું માયામાં લપટાણો જીવ, નથી બેશી રેવાનુંરે. જડ૦

કુડાં કામ તેં કર્યાં ઘણાંએ, રામ ભજ્યા નહિ પ્રાણીરે,
દીપ લઇને પડયો કુપમાં, નરક તણી એંધાણીરે. જડ૦
અવગુ ભરાં પણ અવગુ ન કીધાં, રામ ગુણ તેં ભાઇરે,
આ જગની તું માન સદાયે, સાવ જુઠી સગાઇરે. જડ૦
ભાઇ, ભગિની, પીતા, માતને, ઘરની નારી જુઠીરે,
ખોટા જગના સ્વારથમાં તેં, વાની વાળી મુઠીરે. જડ૦
આંખ ઉઘાડો અરે અકરમી, કાળ રહ્યો મુખ ફાડીરે,
મારી મુગદળ કરે મેદાનો, બગડે કાયા વાડીરે' જડ૦
સીતાવરને હોંશે સેવો, જાણી પામર પ્રાણીરે,
આઠ પહોરમાં અરધ ઘડી પણ, રામ લીયો સૌ જાણીરે. જડ૦
મગનલાલ કહે જગ છોડીને, જાવું પડશે જ્યારેરે,
પાપ પુન્યના થશે હીસાબો, જીવ છુટશે ત્યારેરે. જડ૦

સાખી

રામ કૃપાએ મેં કર્યાં, ભજન સુણો નરનાર;
ભુલ ચુક હોયે ઘણી, લેજો સૌ જન સાર.

"दील रामायण."

રામચંદ્રજી સબંધી.

રઘુનાથજીનો મુખ રંગ ખીલ્યોરે, દીલમાં દેખી લ્યો.
અરે ગંગાસરયુની શાન્ત વર સુરી;
શીલના એ તેના દોષ થાય દુરી;
પ્રેમ હાટમાં અયોધ્યાપુરીરે. દીલમાં૦

પરમારથ દશરથ પીતા;
માત કૌશલ્યા હરિગુણ ગીતા;
સદ્બુદ્ધિ તે જાણજો સીતારે. દીલમાં૦
બરમ હવેલીમાં રમે રામ હીરો;
જાપ અજંપા ધનુષબાણ ધીરો;
વડો વિવેક લક્ષ્મણ વીરોરે. દીલમાં
શુદ્ધ ધર્મ જાણો વસિષ્ટ સ્વામી;
જ્ઞાનરૂપે ભરત મોક્ષ ગામિ;
રાગ રહીત શત્રુઘ્ન નાગીરે. દીલમાં૦
સત સુગ્રીવ હનુમાન હરખ કુદે;
વીધા વાંદરની ફોજ થઇ ઉદે;
રોશ રાક્ષસનાં કંપીઆં રૂદેરે. દીલમાં૦
નલ, નીલ નીયમ સલાટ સારા;
ભવસાગરની પાજ બાંધનારા;
રૂપીરાજ રાગ સુવેલ ઉતારારે. દીલમાં૦

રાવણ સબંધી.

રાય રાવણનો ખૂણ રંગ ખીલ્યોરે. દીલમાં૦
લોભ સાગર માયા પુરી લંકા;
કપટ કોટ ઉપર વાગે દોશ ડંકા;
વચ્ચે વસીઆ છે મોહવીર વંકારે. દીલમાં૦
કામ રાવણ તે નિત્ય રહ્યો કોપી;
લોક વેદ તણી મરજાદા લોપી;
એવી અનિતિની ફોજ પુરી ઓપીરે. દીલમાં૦

ક્ષમા રાણી મનોહરી ખાશી;
શીખ દીધામાં જીભ ગઇ ધાસી;
નોય મૂરખે ન જોયું તપાસીરે. દીલમાં૦
ક્રોધ કુંભકર્ણ ભાઈ જુઓ કેવો,
તકે તૃષ્ણાની સોડ તાણે તેવો;
અહંકાર ઈંદ્રજીત સુત એવોરે. દીલમાં૦
કુસંગ થંભ ધજા પાપની ફરકે,
અપજશ ચોબડીયાં અવસર ન ચૂકે;
ગીધ્યા કચેરી મૂરખા ન મૂકેરે. દીલમાં૦
દશે દિશા શિશ મુગટ મચ્છરના,
અભિમાન છત્ર અવગુણ પરના;
શોક શીંગાશણ ચોર ગુણ ચરનારે. દીલમાં૦
અજ્ઞાન કારભારી કરે કામુ,
એવું રાવણનું રાજ્ય છે નકામુ;
રૂપીરાજ રામ જુએ એના સામુંરે. દીલમાં૦

લડાઇ સંબંધી.

રામ રાવણનો સંગ્રામ ખુબ્બોરે. દીલમાં૦
પ્રથમ અંગદ વૈરાગ્ય ગયા આપે,
જેવા ઉંદરને બીવરાવ્યા સાપે;
એવું કરી આવ્યા રામને પ્રતાપેરે. દીલમાં૦
દેવીફોજ ચડી દીનાનાથ કેરી,
કપટ કાંગરા તમામ લીધા ઘેરી;
શુરા શોકમાં સુકાય વેરી વેરીરે. દીલમાં૦

ઇંદ્રજીત મારી અનાચર બરછી,
લાગી લછમન છાતી સરખી;
તેની મૂર્છા થઈ ઘણી નરસીરે. દીલમાં૦
અમર દીવો સત સંગનો ઉપાડી,
લાવ્યો વીર જેની અંજની છે માડી;
તુરત લક્ષ્મણને મૂર્છા મટાડીરે. દીલમ૦
જાગ અજંપાના બાણ છુટયાં જ્યારે,
ઇંદ્રજીત કુંભકર્ણ મુઆ ત્યારે;
પછી કોણ ચડે રાવણની વારેરે. દીલમાં૦
રાવણ મારી લંકા બુદ્ધિ લીધી,
દાસ હતો તેને રાજ ગાદી દીધી;
સાતા ભેટીયાંને લીલા લહેર કીધીરે. દીલમાં૦
વાલો વિમાને બેશી ઘેર આવ્યા,
સીતા સહીત સખા સંગ લાવ્યા;
રૂપીરાજ રામ મોતીએ વધાવ્યારે. દીલમાં૦

कामनाथ महादेवनी स्तुति.

લાવણી

નટવર નોળી ઉપર બીરાજે, કામનાથ કીરતારી;
દર્શન કરવા જાઉં હોંશથી, લાગી શોભા ભારી. નટવર૦

આગળ ઓપે કુંડ અનોપમ, મણી મૂર્તિ મોહકારી:
દુર ગામના દર્શન આવે, અવર સેવથી હારી. નટવર૦
નમું નાથને હાથ જોડીને, દયા કરો સુખકારી;
શિરે ગંગ છે શંભુ તમારે, ભૂજંગ કંઠે ભારી. નટવર૦
ચંદ્ર રને ચંદન પ્યારાં, ઝેર હલાલ જારી;
શખે શિશની માળ બનાવી, ભભૂત ભોળા પ્યારી. નટવર૦
નિરાધાર આધાર સર્વના, મન ભોળા ભયહારી.
મંગલ પુરમાં મંગલ કરવા, આવ્યા છો અવતારી. નટવર૦
કામનાથ કળીયુગ છે સાચા, માની માન વિચારી;
પ્રસે કંસના પાપ કર્યાં છે, દીધા દૈત્ય સંહારી. નટવર૦
ગાવું આપના ગુણ શિવજી, બહુ નરનારી તારી,
કરી કરુણા કામનાથજી, દીઓ સુખ દીલધારી. નટવર૦
કામ આવશે નામ તમારૂ, આ જગમાં ઉપકારી;
મગનલાલ છે બાળ તમારો, અરજ લેજો સ્વીકારી. નટવર૦

રાગ–ત્રિતાલી માઢ.

હે રે શાન ગોરારી, હર સુખકારી, કરૂણાળુ કામનાથ;
તારી સેવ ગુણકારી, લેજે સ્વીકારી, વિનતી મારી,
કહુંછું જોડી હાથ–રેરે.—ટેક.
જે જન ભક્તિ કરે ભોળાની, રાખી હૃદયે પ્રેમ.
પાસાણને પારસ અડયાથી, નીપજે નકી હેમ;
એવા આનંદકારી, શિવ છે ભારી, જાઉં હું વારી;
કહું છું જોડી હાથ–રેરે૦

શરણે તમારે શીવ આવ્યો છે, મુકી મહીની આસ;
ભક્તિ બતાવો ભાવ ધરીને, રાખો સદા શીવ પાસ;
શિરે જળની ધારી, રીત છે ન્યારી, શિવજી તારી;
કહું છું જોડી હાથ–રેરે૦

પાપ અમારાં પ્રલે કરીને, આપો અવિચળ સુખ;
બાંહી ગ્રહીને તારજો શંભુ, પામું નહિ કદી દુઃખ;
રટું નામ તમારૂં, દીસે સારૂં, સૌને પ્યારૂં
કહું છું જોડી હાથ–રેરે૦

આશ તમારી અંતર રાખે, ભક્તિ કરે દીનરાત;
કાળ નડે નહિ સેવ કર્યાથી, ઉરે વિચારો વાત.
એવા કલ્યાણકારી, લેજો ઉગારી, કરી આભારી;
કહું છું જોડી હાથ–રેરે૦

સ્વારથ મુકી શિવજી સેવો, શ્રેય તમારૂં થાય;
મગનલાલ માને છે સાચું, ત્રિવિધ પામો જાય.
અરે પામર પ્રાણી, વાત લે જાણી, મીઠી વાણી;
કહું છું જોડી હાથ–રેરે૦

રાગ—નારીના કટાક્ષ પાસ પુરૂષ છે ગુલામ.

ચાલ મિત્ર આજ કામનાથ જઇએ,
નાહી ધોઈ નામ સદા શિવ લઇએ;
છે કૃપાળુ ઇષ્ટદેવ આપણા જરૂર,
ભાવથી ભજે છે લોક શેહેર મંગલપુર. ૧
છે અનુપ ધામ કામ આવેશ ખરૂં,

જઈ અમ ઉમંગથી હું શિશને ધરૂં;
સફળ કરો કામ સદા પાર્વતીપતિ,
આપના બનાવની ગહન છે ગતિ. ૨
ભસ્મ લેપ ભાંગ કેફ આપને ગમે,
સુખ થવા શિવ પાસ આવીયા અમે;
માગીએ મહારાજ આપ પાસ આવીને,
આશ ધરી ભક્તિ બીજ શિવ વાવીને. ૩
કૃપા તમારી જો હશે કૃપાળુ દેવરે,
સુખકારી લેખ જો સૌ શિવ સેવરે;
ભાવ ધરી ભજન કરો કામનાથ રે,
મગનલાલ કહે સદા રહેજ સાથરે. ૪

हनुमानजीनी स्तुति.

લાવણી.

(જોડીતે નવ જોઈમાડી—એરાહ)

પવન સુત નમું પ્રેમ લાવી; (૨)
વિકટ ગ્રહને ભૂત પીચાશો દીધા બીવરાવી. ૧
શોધ તેં સીતાજી કીધી; (૨)
કોપ કરીને કપીરાજ લંકા બાળી દીધી. ૨
પથર તેં પાણીમાં તાર્યાં; (૨)
રામકૃપાએ હનુમાનજી રાક્ષસને માર્યા. ૩
રઘુવર ચરણ પ્રેમ રાખો; (૨)
મૂર્છા થઈ લક્ષ્મણને લાં લાવ્યા પર્વત આખો. ૪

પાજ તેં ભર દરિયે બાંધી; (૨)
રામનામ હનુમાન લખીને સડક સીધી સાંધી. ૫
હાંક સુણી રીપુ દીલ કંપે; (૨)
સંકટ સેવક શિર હોય તો જરી નહિ જંપે. ૬
ભરોશો તારો બજરંગી; (૨)
રઘુવર સંગે રહી સદાયે કર્યાં કામ જંગી. ૭
પ્રતાપી પવન સુત દેવા; (૨)
ખરા પ્રેમથી હનુમાનજી કરૂં તારી સેવા. ૮
દુઃખ આ સેવકના કાપો; (૨)
મનથી માનુ મરૂત સુત હું વાંછીત ફળ આપો. ૯
આપ છો બહાદુર બળવંતા; (૨)
સુરનર મુનીવર નમે આપને જય જગ હનુમંતા. ૧૦
નમું છું તને હાથ જોડી;
ભવ સાગરમાં ગગનલાલના સંકટ દે તોડી. ૧૧

સમાપ્ત

મગનલાલ શંકર તરફથી બહાર પડેલાં પુસ્તકોની નોંધ.

સુખી સદન......	૦-૪-૦
માનસિંહ અભયસિંહ નાટક, ...	૦-૨-૦
કપોળવતી (એક સતીનો અદ્ભૂત ચિતાર) ...	૦-૩-૦
બોધ વચન	૦-૧-૦
શીખામણની વાત	૦-૦-૬
પહેલું ધોરણ	૦-૧-૦
સાલવારી...	૦-૧-૦
પૃથ્વીની ભૂગોળનું તારણ	૦-૧-૦
કનકી કહેવત માળા	૦-૨-૦
અનન્યેશ પર્યંક...	૦-૪-૦
પાંખ અથવા બગતરીસો	૦-૧-૦
મોહન માળા	૦-૪-૦

ઉપર લખેલાં પુસ્તકો નિચેને ઠેકાણે રોકડી કીંમતે મળશે જેને લેવાની ખુશી હોય તેણે રોકડા પૈસા મોકલી અગર વે. પા. થી મંગાવી લેવા કૃપા કરવી.

લી. સેવક,
મગનલાલ શંકર પટેલ..
સ્કૂલ માસ્તર-જુથળ.
માંગરોળ-સૌરાષ્ટ્ર.

જાહેર ખબર.

થોડી મુદતમાં અમારી તરફથી "રામ ભક્ત" એ નામનું સુંદર પુસ્તક એક સ્નેહીની સહાયતાથી બહાર પડશે તેના ગ્રાહક થવાની જેની ઇચ્છા હોય તેણે નીચેને ઠેકાણે ખબર આપવા મેહેરબાની કરવી.

જુથળ—સ્કૂલ.

M. S. P.

"રામભક્ત" નો પ્રગટ કર્તા.